ગાંધીનગર સમાચાર
તા. ૯-૫-૨૦૧૫, શનિવાર

તંત્રી સ્થાનેથી....

રાણા પ્રતાપ : રાષ્ટ્રીય અસ્મિતાના પ્રતીક પુરુષ

મહારાણા પ્રતાપના જન્મદિવસને રાષ્ટ્રીય પર્વ તરીકે ઉજવવાની માગણી ઉભી થઈ હોય તો એ વિચારવા જેવી બાબત છે. દેશ એની વિભૂતિઓને આ રીતે યાદ કરે એમાં એની પ્રજાની અસ્મિતા અને ગરિમાનો જ બોધ અંતર્નિહિત છે. જ્યારે દેશનાં મોટાં અને શક્તિશાળી રાજ્યોએ દિલ્હીની શરણાગતિ સ્વીકારવા લાઈન લગાવી હતી. ત્યારે મેવાડનો આ નરકેસરી એક જ અપવાદરૂપ રાજવી હતો જેણે મોગલ સલ્તનત સામે માથું નમાવવાનો ઘરાર ઈનકાર કરી દઈ ભારતીય સંસ્કૃતિની આલબેલ પોકારવાનો વિકલ્પ સ્વીકાર્યો હતો. રાણા પ્રતાપને એમની આ ટેક ઘણી મોંઘી પડી હતી. મોગલ સલ્તનતે એમનું જીવવું હરામ કરી દીધું હતું. મહારાણાના માજણ્યા ભાઈ શક્તાવતને બાદશાહે મોટાં પદ અને માન અકરામ આપી પોતાની પાંખમાં લઈ લીધા હતા. આખરે રસ્તે રઝળતા રાજવીને ગુજરાતના ઈશાનિયા ખૂણાનાં ખોખરા-વિજયનગરનાં જંગલોમાં આશ્રય લેવો પડ્યો હતો, જ્યાંથી આદિવાસી સૈન્ય ઊભું કરી એણે અંતપર્યંત બાદશાહ અકબર સામે ઝીંક ઝીલી હતી. એ શૂરા બાવીસ હજારના લશ્કરની ખાણીપીણી અને શસ્ત્ર સરંજામ માટે દેશભક્ત શ્રેષ્ઠી ભામાશાએ એનો ખજાનો ખાલી કરી દઈને દાખલો બેસાડ્યો હતો. આમ મહારાણા પ્રતાપની સાથે જ ભામાશાનું નામ પણ ઈતિહાસનાં સુવર્ણપૃષ્ઠોમાં આલેખાયું હતું. ૯ મે રાણા પ્રતાપનો જન્મ દિવસ છે, જેને આ દેશની પ્રજાએ રાષ્ટ્રીય સ્વાભિમાન દિન તરીકે ઉજવી પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરવી જોઈએ. રાણા પ્રતાપને ફક્ત હિંદુ સંસ્કૃતિના સંરક્ષક નહીં ગણતાં સમગ્ર ભારતીય અસ્મિતાના પ્રતીક પુરુષ તરીકે યાદ કરવા ઘટે. બહુ ઓછા લોકો જાણતા હશે કે રાણા પ્રતાપનો સેનાપતિ મુસલમાન હતો. સામે અકબરના સેનાપતિ તરીકે અંબરના રાજા માનસિંહ હતા, જેમની સાથે ભોજન લેવાનો ઈનકાર કરીને રાણા પ્રતાપે મોટું જોખમ વહોરી લીધું હતું. પ્રતાપની સાથે જ ચેતક નામનો એમનો વફાદાર ઘોડો, ભામાશા જેવા દાનેશ્વરી રાષ્ટ્રભક્ત શ્રેષ્ઠી અને રાણાને એન સમયે એમની અસ્મિતાનો અવબોધ કરાવનારા, 'બિરદ છહુંતરી'ના સર્જક-ગાયક ચારણ દૂરસા આઢાને પણ યાદ કરી લઈએ. સદીઓ પછી પણ જેમના સ્મરણથી કોઈ પણ ભારતીય રોમાંચભર્યું ગૌરવ અનુભવી શકે એવા આપણી અસ્મિતાના આ જીવતા જ્યોતિર્ધરોને સો સો સલામ !

કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં સમર કેમ્પનું આજે સમાપન

કુલ ૪૨૫ બાળકોએ ભાગ લીધો : વિવિધ સાહસિક, રચનાત્મક અને સ્પોર્ટસ અંગેની પ્રવૃત્તિઓ શિખવાડવામાં આવી : બાળકોને લાવવા મૂકવા બસની સુવિધા અને દરરોજ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સે-૨ ઉમાં કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં તા. પમીથી ૯મી મે દરમિયાન સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમર કેમ્પ દરમિયાન બાળકોને વિવિધ સાહસિક પ્રવૃત્તિઓ અને રચનાત્મક તેમજ સ્પોર્ટસ અંગેની પ્રવૃત્તિઓની તાલીમ આપવામાં આવી હતી. આ કેમ્પમાં બાળકોને બસની અને નાસ્તાની સુવિધા આયોજકો દ્વારા પુરી પાડવામાં આવી હતી.

સમર કેમ્પને ત્રણ વિભાગમાં વહેંચી દેવામાં આવ્યો હતો. જેમાં પ્રિ-પ્રાયમરી, પ્રાથમિક અનેઉચ્ચ-પ્રાથમિક-માધ્યમિક વિભાગનો સમાવેશ થાય છે. પ્રિ-પ્રાયમરી વિભાગના ભૂલકાંઓને વિવિધ આઉટડોર અને ઈન્ડોર ગેમ્સ, ટોયઝ હાઉસ અને અન્ય ૧૨ પ્રકારની પ્રવૃત્તિઓ શિખવાડવામાં આવી હતી. પ્રાથમિક વિભાગમાં બાળકોને લોકવાદ્ય, નાટક, સંગીત ખુરશી, પઝલ-કોયડા, નૃત્ય, મહેંદી, ચિત્ર-ક્રાફટ અને વેસ્ટમાંથી બેસ્ટ જેવી ૯ પ્રકારની પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

ઉચ્ચ પ્રાથમિક માધ્યમિક વિભાગના બાળકોને વિવિધ પ્રકારની ૧૨ પ્રવૃત્તિઓમાં ભાગ લેવડાવવામાં આવ્યો હતો. જેમાં રોપ-વે ટ્રેકિંગ, કરાટે, રાયફલ શુટીંગ જેવી સાહસિક પ્રવૃત્તિઓ ઉપરાંત ટેબલ ટેનિસ, રોબોટીકસ, વૈજ્ઞાનિક સંશોધનો તેમજ નૃત્ય, નાટક, વાદ્ય સંગીત વગેરેનો પણ સમાવેશ થાય છે. આ સમર કેમ્પમાં બાળકોને ઘરેથી લાવવા અને પાછા મુકી જવા માટે બસની સુવિધા આયોજકો તરફથી વિના મુલ્યે કરવામાં આવી હતી. આ ઉપરાંત કેમ્પ દરમિયાન તમામ દિવસ બાળકો માટે નાસ્તાની સુવિધા પણ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સમર કેમ્પનું ઉદઘાટન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ અને ડૉ. કનુભાઈ એસ. પટેલના હસ્તે કરાયું હતું. સમર કેમ્પના સંયોજક તરીકે બચુભાઈ પટેલે સેવાઓ આપી હતી.

યુનિવર્સલ એસોસિએશન દ્વારા મેગા સમર કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના યુનિવર્સલ એસોસિએશન દ્વારા તા. ૧૧મીથી ૨૦મી મે દરમિયાન સે-૧ ઉ પ્રાથમિક શાળા ખાત મેગા સમર કેમ્પનું આયોજન કરવામાં આવયું છે. કેમ્પ દરમિયાન બાળકોને સેલ્ફ ડિફેન્સ, વેપન ટ્રેનિંગ, સ્કેટીંગ, ડાન્સ, ગન શુટીંગ, એકસરસાઈઝ, ઓબ્ટીકલ્સ, યોગ, ડ્રોઈંગ કોમ્પીટીશન, પર્સનાલીટી ડેવલેપમેન્ટ જેવી વિવિધ પ્રવૃત્તિઓ શિખવવામાં આવનાર છે. આ કેમ્પમાં ભાગ લેનાર દરેક શિબિરાર્થીને અંતમાં સંસ્થા દ્વારા પ્રમાણપત્ર પણ એનાયત કરાશે તેમજ શિબિરમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર શિબિરાર્થીને ઈનામ આપી સન્માનવામાં આવશે. શિબિર અંગે વધુ માહિતી મેળવવા કેમ્પ ડાયરેકટર જતીન દવેનો સંપર્ક સાધવા જણાવાયું છે.

આજે માણસામાં નાટક 'કોઈ તારું થયું...બહુ સારું થયું...' પ્રસ્તુત કરાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે વિઘ્નેશ્વરી કલ્ચરલ ફોરમ દ્વારા ગુજરાત રાજય સંગીત નાટય અકાદમીના સહયોગથી તા. ૯મી મે શનિવારે રાત્રે ૮-૦૦ કલાકે નાટક 'કોઈ તારું થયું...બહુ સારું થયું...' નું આયોજન કરવામાં આવ્યું છે. આ નાટક માણસા-મકાખડ રોડ પર મલાવ તળાવ પાસે આનંદી માં નો વડલો વાનપ્રસ્થાશ્રમ ખાતે યોજાશે.

આ નાટક દ્વારા માણસા ખાતે વિઘ્નેશ્વરી કલ્ચરલ ફોરમનો પ્રારંભ થનાર છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે સંગીત નાટય અકાદમીના ચેરમેન યોગેશભાઈ ગઢવી ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત મુખ્ય અતિથિ વિશેષ પદે ૪૮ ગામ કડવા પાટીદાર સમાજના પ્રમુખ ડી.ડી. પટેલ, માણસા નગરપાલિકાના પ્રમુખ ગોવિંદભાઈ પટેલ, માણસાના ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી અને સંગીત નાટક અકાદમીના સચિવ બિપીનભાઈ તલાટી ઉપસ્થિત રહેશે. નાટક 'કોઈ તારું થયું...બહુ સારું થયું...' પ્રવિણ સોલંકી દ્વારા લિખિત, રાજકુમાર જાની દ્વારા માર્ગદર્શિત અને મિહિર ઉપાધ્યાય દ્વારા દિગ્દર્શિત છે. જેના નિર્માત્રી નાદિયા હિમાનીએ અભિનયના અજવાળા પાથર્યા છે. નાટક સંપૂર્ણ પણે સામાજિક અને સંસ્કારપૂર્ણ હાસ્યથી ભરપુર છે.

સોમવારે ગાંધીનગર જિલ્લામાં મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનજર જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા રાજ્યના પ૬મા સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે તા. ૧ લી થી ૧૫મી મે દરમ્યાન સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત તા. ૧૧મી મે સોમવારે જિલ્લાના સ્લમ વિસ્તારોમાં મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન અને સ્વચ્છતા માટે જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. મેડીકલ ચેકઅપ કેમ્પમાં આયુર્વેદ અને હોમિયોપેથી પદ્ધતિથી દર્દીઓની તપાસ-નિદાન કરાશે તેમજ રોગ મુજબ સ્વચ્છતાનું મહત્વ દર્દીને સમજાવાશે.

સોમવારે યોજાનાર મેડીકલ ચેકઅપ કેમ્પમાં ગાંધીનગરમાં આદિવાડા પ્રાથમિક શાળામાં સવારે ૯ થી ૧૨.૩૦ અને ગોકુલપુરામાં સાંજે ૪.૦૦ થી ૭.૦૦ કલાકે જ્યારે કલોલમાં અર્બન હેલ્થ સેન્ટર, પુર્વ વિસ્તારમાં સવારે ૯ થી ૧૨.૩૦ કલાકે, જ્યારે દહેગામમાં રખિયાલ ઈંદીરાનગર પ્રાથમિક શાળામાં સવારે ૯ થી ૧૨.૩૦ કલાકે અને માણસામાં એસ.ટી. ડેપોની બાજુમાં મોટો વાઘરી વાસમાં સવારે ૯ થી ૧૨.૩૦ કલાકે મેડીકલ ચેકઅપ કેમ્પનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

આજે વાવોલ-ગ્રીનસીટીમાં સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની ગ્રીનસીટી સેવા સમિતિના સહયોગથી વાવોલની ગ્રીનસીટી સોસાયટીમાં તા. ૯મી મે શનિવારે રાત્રે ૯ કલાકે કોમન પ્લોટમાં સંજય ભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા શ્રધ્ધાળુ જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કાર્યક્રમ માટે દાન સહયોગ માટે ફ્લેટ નં. એચ-૫માં રાજુભાઈ પટેલ અથવા ફ્લેટ નં. એચ-૨માં રાજુભાઈ ઉપાધ્યાયનો સંપર્ક સાધવા જણાવાયું છે.

ઈશ્વર તો સુખ અને દુ:ખ બન્ને આપે છે પરંતુ માતા તો બાળકની ઝોળીમાં સુખ અને માત્ર સુખ જ ઠાલવે છે, દુ:ખને તો એ પોતાના હૈયામાં સમંદરની માફક સમાવી લે છે

પ્રસંગસર

મા તને ઘણી ખમ્મા...

પન્ના મિસ્ત્રી

સૌ પ્રથમ તો દુનિયાના સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ તીર્થ સમાન 'મા'ને આજના દિવસે કોટિ-કોટિ વંદન...

''મા'' શબ્દ સૌપ્રથમ ક્યારે અને કોણે ઉચ્ચાર્યો હશે ? તો જેમ પૃથ્વી પર સૌ પ્રથમ સ્મિત ક્યારે પગટ્યું હશે ? કે સૌ પ્રથમ સૂર્ય ક્યારે ઉગ્યો હશે ? આ બન્ને પ્રશ્નોના જવાબ આપવામાં આપણે અસમર્થ છીએ તેવી જ રીતે ઉપરોક્ત પ્રશ્નનો જવાબ આપવા માટે પણ આપણે સમર્થ નથી.

હમને નહિ દેખા ઉસકો કભી પર ઉસકી જરૂરત ક્યા હોગી,

અય મા તેરી સૂરત સે અલગ ભગવાન કી સૂરત ક્યા હોગી..!

પ્રેમનું સર્વશ્રેષ્ઠ રૂપ એટલે 'મા' માતાના નિ:સ્વાર્થ પ્રેમ અને મમતાની તોલે કશું જ ન આવે. આપણી સંસ્કૃતિમાં 'માતૃદેવો ભવ' કહીને માને ઈશ્વરની સમકક્ષ ગણવામાં આવી છે પરંતુ સાચું તો એ છે કે મા ઈશ્વર કરતાં પણ ચડી જાય છે. ઈશ્વર તો સુખ અને દુ:ખ બન્ને આપે છે પરંતુ માતા તો બાળકની ઝોળીમાં સુખ અને માત્ર સુખ જ ઠાલવે છે. દુ:ખને તો એ પોતાના હૈયામાં સમંદરની માફક સમાવી લે છે. પ્રમને જ્યારે સાકાર થવાનું મન થયું ને મા નું સર્જન થયું. ભગવાનને ભજવાથી કોઈને મા મળી હોય એવું સાંભળ્યું નથી પરંતુ માને પ્રેમ-ભાવથી ભજવાથી ભગવાન અવશ્ય મળે છે. જીવનમાં પોષણ અને અભય આપતી દરેક વસ્તુ સાથે મા નો નાતો રહ્યો છે. મા ની સાથે રહેવામાં કેટલો અભય હોય છે તેનો અંદાજ આપણને માની આંગળી પકડીને જતા બાળકને જોઈએ ત્યારે આવે છે. ગમે તેટલું નિર્જન સ્થાન હોય કે પછી ભીડ-ભાડ વાળો ટ્રાફિકભર્યો રસ્તો હોય પરંતુ જો બાળકે મા ની આંગળી પકડેલી હશે તો તે બિન્દાસ ચાલ્યુ જાય છે. તેને કોઈ જાતનો ડર હોતો નથી. એકાએક જો વાહન તેની એકદમ નજીકથી પસાર થઈ જાય તો તે પોતાની આંગળીની પકડ વધારી મા ને સહેજ વળગી, માની સામે થોડુ સ્મિત કરી લઈ ફરી પોતાની મસ્તીમાં ચાલવા લાગે છે. તે એટલા માટે ગભરાતું નથી કે તેને પૂરેપૂરો વિશ્વાસ હોય છે કે તેની સાથે મા હોવાથી તેને કંઈ પણ થવાનું નથી.

માતાની મહાનતાને વર્ણવવા માટે દુનિયાની કોઈપણ ભાષા પાસે પુરતા શબ્દો નથી. તેમ છતાંય દુનિયાના પ્રત્યેક સાહિત્યમાં માતાની મમતાને, તેના નિ:સ્વાર્થ પ્રેમ અને ત્યાગને વર્ણવતી ઢગલાબંધ કૃતિઓ રચાઈ છે અને રચાતી રહેશે કારણ કે આ એક એવો ખજાનો છે જે ક્યારેય ખૂટે તેમ નથી. કોઈએ સાચું જ કહ્યું છે કે માતા એ મૃગજળ સમાન છે. મૃગજળ વાસ્તવમાં હોતું નથી છતાં આપણને દેખાય છે,જ્યારે માતા હંમેશા આપણી સાથે અને સામે હોવા છતાં સાચા અર્થમાં આપણે તેને જોવાનું ચૂકી જઈએ છીએ.

''શીતળતા પામવાને માનવી તુ દોટ ક્યા મૂકે ?
જે માની ગોદમા છે - તે હિમાલયમાં નથી હોતી.''

સ્ત્રીના દરેક સ્વરૂપમાં સંપૂર્ણતા અને સાર્થકતા છે. સ્ત્રીનું કોઈપણ સ્વરૂપ હોય એ પાવનકારી છે કારણ કે સ્ત્રીમાં ધરતી જેવું ધૈર્ય, સાગર જેવી વિશાળતા, ચંદ્ર જેવી શીતળતા અને વૃક્ષ જેવી પરોપકારિતા છે. સમાજમાં કે ઘરમાં કોઈપણ સ્વરૂપે સ્ત્રી હોવું એ જ ગૌરવની વાત છે. સુપ્રસિદ્ધ ચિંતક લોનવેલ કહે છે કે -

''વિધાતાએ સ્ત્રીને સુંદર બનાવી છે તેથી નહિ,
પરંતુ એટલા માટે પૂજનીય માનું છું કે મનુષ્યત્વ તેને આભારી છે.'' તેવી જ રીતે કોઈએ સરસ લખ્યુ છે -

''કિતને સુખ દેતી હૈ જગકો મા-બહન-બેટી-પત્ની બનકર,
હૈ કિતના કઠિન જીવન ઈસકા, સમજાના ઈસે સંસાર કભી..!

સ્ત્રી એના જીવનમાં જુદી જુદી કેટલી ભૂમિકા શ્રેષ્ઠ રીતે નિભાવે છે પરંતુ આ બધામાં સ્ત્રીના ત્રણ સ્વરૂપ-દીકરી, પત્ની અને માતા આ ત્રણેમાં તે અલગ નિખરી ઉઠે છે. દીકરો રૂપે તે માતા-પિતાના પરિવારને, પત્ની રૂપે તે પતિના પરિવારને અને માતાના સ્વરૂપે તે પોતાના પરિવારને પ્રમની પાવનધારાથી પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે. સ્ત્રીના આ વિવિધ સ્વરૂપોમાં સૌથી શ્રેષ્ઠ સ્વરૂપ જો કોઈ હોય તો તે છે 'મા'નું સ્વરૂપ. સ્ત્રી જીવનની મહત્તા માના સ્વરૂપમાં જ છુપાયેલી છે. જગતના સર્વ સ્નેહ સબંધોમાં માતૃપ્રેમનું સ્થાન ખરેખર સર્વોચ્ચ અને અનન્ય છે. માતૃવાત્સલ્યનું આ ઝરણું એવું છે કે સંજોગોના ગમે તેવા તાપમાંય સુકાતું નથી. મા પોતાના જીવનમાં ત્રણ વસ્તુઓ હંમેશા વહાવતી રહે છે. પહેલાં તે રક્ત વહાવે પછી દૂધ વહાવે અને પછી આંસુ વહાવે છે. પીડાદાયક પ્રસૂતિમાંથી પસાર થઈ માતા બાળકને જન્મ આપે છે. આટલી પીડા સહન કર્યા પછી મા જ્યારે પોતાની ગોદમાં નવજાત શિશુને નિહાળે છે અને એ સમયે તેના તનમનમાં જે ખુશી થાય છે એ જ તેની મમતાનું મહાત્મ્ય છે. કોઈપણ સ્ત્રી જ્યારે માતૃત્વ પ્રાપ્ત કરે ત્યારે ક્રાંતિ થાય છે. એ જેવી હતી તેવી સ્ત્રી હવે રહેતી નથી. એના અંદર બહારની દુનિયા જાણે બદલાઈ જાય છે. અત્યાર સુધી એક સ્ત્રી તરીકે ઓળખાતી તે હવે મા બને છે. બાળકના જન્મની સાથે જ એક માનો પણ જન્મ થાય છે.



Some body Said it takes about six weeks to get back to nor mat after you've had a baby
That some boby doesn't Know that
once you're a Mother, "Normat," is history."

મા ના પ્રેમને જાણવો, વાંચવો, માણવો તથા કોઈની પાસેથી સાંભળવો અલગ વાત છે અને 'મા' હોવું એ એક અલગ અને અનન્ય અનુભવ છે. દેહમાંથી દેહ, જીવનમાંથી જીવ અને દીવામાંથી દીવો પ્રગટાવી કોઈપણ જાતની અપેક્ષા રાખ્યા વિના પારાવાર પ્રમ અને સ્નેહ આપે એના પ્રમના લેખાં જોખાં ન થઈ શકે. મા ના અર્થને જોડણીકોશમાં નહિ, પરંતુ જીવન કોશમાં જોવાનો હોય છે. મા એ માપવાનું સાધન નહિ, પરંતુ પામવાનું તત્વ છે. જાણવાનું નહિ પરંતુ માણવાનું સર્જન છે. માના પ્રમને વર્ણવવામાં આવે તો કાગળ અને સ્યાહી ખુટી જાય તથા બોલવામાં આવે તો શબ્દો અને આંખના પાણી ખુટી જાય પરંતુ માની મમતા, સમતા અને પ્રભુતાને ક્યારેય પામી ન શકાય. ધન્ય છે આવી ત્યાગ, સમર્પણ અને કરૂણાની દેવીને...!

યાદ બસ આ ગઈ 'મા'
મૈને દેખા જબ કભી
મોમ બત્તી કો પીઘલકર
રોશની દેતે હુએ...

જેવી રીતે મીણબત્તી પોતે ઓગળી જઈ બીજાને પ્રકાશ આપે છે. તેવી રીતે દરેક માતા પણ પોતાના અસ્તિત્વની પરવા કર્યા વિના બાળકના ઉછેરમાં ઓતપોત થઈ જાય છે. જ્યારથી તેમા ગર્ભનું આરોપણ થાય છે ત્યારથી માંડી તેના જન્મ અને બાળક પોતાની જાતે પોતાનું બધું કામ કરતો થાય ત્યાં સુધી તે પોતાની જાતને સમર્પિત કરી દે છે. દુનિયાના દરેક સબંધમાં સ્વાર્થ છુપાયેલો હોય છે પરંતુ આ એક એવો સબંધ છે જેમાં કોઈ સ્વાર્થ નહિ, પરંતુ પ્રેમ અને માત્ર પ્રેમ રહેલો છે. મા ભલે પોતાના બાળકને આંગળીથી થોડાક સમય પુરતુ જ પકડતી હોય પરંતુ દિલથી તો તે જીવનપર્યંત ક્યારેય પોતાના બાળકને અળગું થવા દેતી નથી.. તેથી જ કહેવાય છે કે મા એક એવી વ્યક્તી છે જે આપણને કોઈપણ ઉંમરે બાળક હોવાનો અહેસાસ કરાવે છે.

ન અપનો સે ખુલતા હૈ, ન ગૈરોસે ખુલતા હૈ,
યે જન્નતકા દરવાજા હૈ, જો માં કે પૈરો સે ખુલતા હૈ

પોતાના બાળકને લાડ લડાવતી દરેક મા સૌથી સુંદર અને સંપત્તિવાન છે. મા ક્યારેય કુરૂપ, દરિદ્ર કે વૃદ્ધ થતી નથી. મા એક એવી ઋતુ છે કે જેને ક્યારેય પાનખર આવતી નથી. કોઈપણ સમયે કે ઉંમરે ગમે તેવી પરિસ્થિતિમાં પોતાના બાળક માટે તે હંમેશા હાજર રહે છે. બાળક સૌથી વધારે સમય પોતાની મા સાથે વિતાવે છે. તેથી દરેક મા પોતાના બાળકની લેખિકા છે. તેના પ્રમનો સ્ત્રોત હંમેશા એક સરખો વહેતો રહે છે.

ગંગાના નીર તો વધેઘટે રે લોલ
સરખો એ મા ના પ્રેમનો પ્રવાહ રે
જનનીની જોડ સખી નહી જડે રે લોલ

પ્રેમ આંધળો છે એવું માનવામાં આવે છે પરંતુ માતાનો બાળક પ્રત્યેનો પ્રેમ સવિશેષ આંધળો છે એનો ખ્યાલ આપણને એ સમયે આવે છે કે બાળક નાનું હોય ત્યારે ભલે એ માંસના લોચા જેવું દેખાતું હોય પરંતુ મા બધાની આગળ તેના બાળકના વખાણ કરતા થાકતી નથી. એ તો બધાને એમ કહેતી જ ફરે છે કે પોતાનું બાળક કેટલું રૂપાળું છે. તેની આંખો કેવી તેનાં મા જેવી છે, તેનું નાક કેવું તેના પિતા જેવું છે વગેરે. ટુંકમાં પોતાનું બાળક લુલુ-લંગડુ, કાળુ કે કદરૂપુ હોય તો પણ દરેક માતાને મન પોતાનું બાળક દુનિયાનું સૌથી રૂપાળુ બાળક હોય છે. તેથી જ કદાચ મા ની ગોદમાં બેઠેલું બાળક સમગ્ર વિશ્વનું શ્રેષ્ઠ ચિત્ર અને કલાકારની મહાન કૃતિ ગણવામાં આવે છે.

કંઈ પણ બોલ્યા વિના કે પોતાના સંતાનને પૂછ્યા વિના તેના મનના ભાવને, તેના દર્દને કળી જતી માતાને દર્દ આપતાં સંતાનો આ પૃથ્વી પર ભારરૂપ છે. તેમણે સમજવું જોઈએ કે આજે આપણે જેમને વૃદ્ધાશ્રમમાં મૂકવા જઈ રહ્યા છીએ તેમણે મને નાનપણમાં અનાથાશ્રમમાં મૂક્યો હોત તો આજે મારી શું હાલત હોત ? પત્ની એ તો પસંદગીથી મળતી વ્યક્તિ છે પરંતુ મા એ પુણ્યથી મળતી વ્યક્તિ છે. પસંદગીથી મળતી વ્યક્તિ માટે પુણ્યથી મળતી વ્યક્તિને ક્યારેય ન ઠુકરાવવી જોઈએ. ઘરના નામ માતૃછાયા અને પિતૃછાયા રાખવામાં આવે પરંતુ તેમા માબાપના પડછાયા'ય ન પડવા દે તો શું કામનું ? ચાર ટુકડા ખાઈને કુતરો પણ જિંદગીભર વફાદારી કરવાનું ભુલતો નથી તો જેણે પોતાના હૃદયના ટુકડા આપણને આપ્યા છે એના પ્રત્યે આટલી બેવફાઈ શા માટે ?

''ઈ હાડ નિચોવીને કર્યા હાડેતા, એને પરણાવી પોરસાતી
ઈ નારી લઈને થઈ ગ્યા નોખા, 'મા' એકલડી અથડાતી...

દુનિયામાં ક્યાંય મધર્સ-ડે ઉજવવાની જરૂરત હોતી નથી કારણ કે મા એ તો દરેકના જીવનની ક્ષણેક્ષણમાં અને અસ્તિત્વના કણેકણમાં વ્યાપેલી હોય છે. છતાં પણ માનું સ્મરણ કરવા, મા ના ઋણને માથે ચડાવવા માટે આવો તહેવાર ઉજવાય એ ખૂબ આનંદની વાત છે. પશ્ચિમમાંથી આપણે ઘણુ બધુ ન લેવા જેવું અને ન શીખવા જેવું લીધુ છે અને શીખ્યા છીએ જેમ કે પોશાક, વિભક્ત કુટુંબની ભાવના, ઘરડાઘર વગેરે... પરંતુ એની સાથે આ મધર્સ-ડે નો તહેવાર ઉજવવાનો શીખીને કંઈક અંશે સારું કામ કર્યું છે. 'મા'નો મહિમા ફક્ત સંસ્કૃતિ પુરતો જ રહી જાય એ પહેલા વર્ષમાં એક દિવસ માતૃદિન ઉજવી મા ના ઋણને જાહેરમાં સ્વીકારીએ અને બાકીના ત્રણસો ચોસઠ દિવસ એને વ્યવહારમાં મૂકીએ તો કેવું ?

"A Mother is she who can take the place of all others but whose place no one can take..."